Chap-15

# શામળ

શામળ આ વિષય ઉપર રચના કરનાર છેલ્લો કવિ છે. શામળનું સ્થાન ગુજરાતી સાહિત્યમાં લોકવાર્તા પ્રવાહના કવિ તરીકે કદાચ સૌથી ઊંચું છે. શામળની જીવનલીલા ક્યારે શરૂ થઈ અને ક્યારે પૂરી થઈ તેની ચોક્કસ સાલ આપણી પાસે નથી, પણ શામળ પોતાની વાર્તાઓની રચના સં. ૧૭૭૭માં કરે છે, અને તેની છેલ્લી કૃતિ 'સુડા બહોતેરી'માં સં. ૧૮૨૧ નોંધાયેલ જણાય છે. આ જોતાં એનો સમય સં. ૧૭૫૫ થી ૧૮૨૫ સુધી સહેજે મૂકી શકાય. એણે ૨૦-૨૨ વર્ષની ઉંમરે વાર્તારચના શરૂ કરી હોય અને એની અંતિમ કૃતિનું વર્ષ ગણો છો ત્યાર પછી ચાર પાંચ વર્ષ એ જીવ્યો હોય તો ઉપર આપેલી સમય-મર્યાદા ઘણી સંભવિત અને સ્વીકાર્ય લાગે છે. *

ક્ષેમંકર મુનિના નાનકડા સર્જનથી શરૂ થયેલી આ વાર્તા-સરિતા, મધ્યકાલીન યુગમાં લાખો શ્રોતાઓને વાર્તારસ પાતાં પાતાં અનેક સર્જકોને હાથે વધારેને વધારે સમૃદ્ધ બનતી ગઈ છે અને શામળમાં તો અનેક સ્થળેથી પોષણ પામીને એ મહાકાય સરિતા જેવી દેખાય છે. વાર્તાઓના આ વિકાસમાં શામળના પુરોગામીઓનો ફાળો નાનોસૂનો નથી. એટલું જ નહીં પણ શામળે કરેલા વિસ્તારમાં બીજાં અનેક સ્થળેથી એણે સ્વીકારેલી વાર્તાઓ અને આડકથાઓ પણ નોંધપાત્ર છે. કદાચ આ વાર્તાઓ માટે શામળ વસ્તુ પરત્વે મૌલિકતાનો દાવો ભાગ્યે જ કરી શકે પણ પદ્ધતિ પરત્વે અને વાર્તાઓનો વિસ્તાર કરવાની શક્તિ પરત્વે એ માનનો અધિકારી છે. શૈલીની, કલ્પના અને ભાવમાધુર્યની બાબતમાં વધારે સામર્થ્ય બતાવનાર કવિઓ આ પરંપરામાં છે પણ સમગ્ર રીતે જોતાં અને શામળના હેતુને ધ્યાનમાં રાખતાં શામળને જેટલી લોકપ્રિયતા પ્રાપ્ત થઈ છે તેટલી બીજા કોઈ કવિને ભાગ્યે જ પ્રાપ્ત થઈ છે એ હકીકત છે. શામળ 'સિં. બ.'ની વાર્તાઓ લખે છે તેની પાછળ તેની ઇચ્છા 'નરનારીની ચાતુરી, નરનારીનાં ચરિત્ર' (મદનમોહના - પંક્તિ ૨૯૯૨) વર્ણવવાની છે. અને એ કહે છે:

---

* શ્રી રામલાલ ચુનીલાલ મોદીનો ~~'કવિ શામળ' પૃ. ૨૪-૨૫.~~
'કવિ શામળ'માં 'શામળનો સમય' એ લેખ, પૃ. ૨૪-૨૫

:— સંસ્કૃતમાંથી શોધિયું પ્રાકૃત કીધું પૂર
ભોજ પ્રબંધ ભરતખંડમાં નારાયણનું નૂર;

એ પણ આત્યંતિક મૌલિકતા માટે એનો દાવો નથી એમ સ્પષ્ટ કરે છે.

કહ્યું કથે તે શાનો કવિ
કીધી વાત તે શાની નવી ? —— (નંદબત્રીસી, ચોપાઈ ૧૦૩)

એમ જો કહે છે ત્યાં ~~એને~~ સંદર્ભનો જેના મનમાં ગરબુદ્ધિ વસી છે એને કશો વિચાર હોતો નથી એમ નિરૂપવાનો છે અને શામળ પોતાના અનુભવમાંથી ઘણાં પરિચિત અને બંધબેસતાં ઉદાહરણો આ ભાવને દૃઢ કરવા માટે આપતો જાય છે તેમાં આ પંક્તિ પણ બની જાય છે એટલે એણે કરેલો મૌલિકતાનો દાવો છે એમ ગણી લેવું વધારે પડતું લાગે છે. એણે પોતાની શૈલી પૂરતો પણ રસિકતાનો કે ભવ્યતાનો દાવો કર્યો નથી. બલ્કે એનો આદર્શ તો- 'સાદી ભાષા, સાદી કડી, સાદી વાત, વિવેક,
સાદામાં શિક્ષા કથે તે જ કવિજન એક'. (મદનમોહના- પંડિત. ૨૯૭) એ છે. એટલે શામળને કવિ તરીકે મૂલવતાં કે એની સેવાની વિચારણા કરતાં આપણે શામળને મૌલિકતા કે શૈલીની ભવ્યતા કે અખંડ લહરી રસની દૃષ્ટિએ વિચારવાનો નથી પરંતુ જે ભાગે ગુજરાતીઓને મનોરંજન તેમજ વ્યાવહારિક જ્ઞાન પૂરું પાડવા સાથે પરોપકારયુક્ત જીવન પ્રત્યે અભિમુખ કર્યા છે અથવા ઓછામાં ઓછું એવાં ઉમદા કાર્યોના પ્રશંસક બનાવ્યા છે તે દૃષ્ટિએ એની સેવા ધ્યાન ખેંચે છે લોકવાર્તાઓ રચનાર બધા જ કવિઓમાં વધારેમાં વધારે વિસ્તારમાં અને વધારેમાં વધારે પ્રમાણમાં જેની કૃતિઓ રસપૂર્વક વંચાઈ અથવા સંભળાઈ છે તેવો કવિ તો શામળ જ છે.

મધ્યકાળમાં અખો, પ્રેમાનંદ અને શામળ — આ ત્રણે કવિઓ પોતપોતાના ક્ષેત્રમાં સૌથી ઊંચે સ્થાને વિરાજે છે. એમાં શામળ લોકવાર્તાનો કવિ છે. એની કૃતિ સામાન્ય, અભણ ગ્રામજનને પણ મનોરંજન સાથે જ વ્યાવહારિક જ્ઞાન પૂરું પાડે એવી છે. જીવનના ભયંકર કલહમાંથી થાક્યા પાક્યા લોકોને તેમનાં નાનાંમોટાં અનેક દુઃખો વિસરાવી, કલ્પનાના મનોહર અને રોમાંચક પ્રદેશમાં સહેલ કરાવનાર આ કવિની અપૂર્વ સૃષ્ટિ ગુજરાતના મધ્યકાલીન જનસમાજ ઉપર એક મોટો ઉપકાર છે અને તેથી જ શામળને નવલરામ તથા પ્રા. અનંતરાય રાવળે વાણિયાનો — સામાન્યજનનો કવિ કહ્યો છે.

જ્યારે 'કલાની ખાતર કલા' અને 'જીવનને ખાતર કલા'નો વાદ પ્રવેશ્યો નહોતો અને નવા અર્થમાં વિવેચન તો શરૂ થયું જ નહોતું ત્યારે રચાયેલી આ વાર્તાઓમાં જીવનને સમજવામાં અને સારી રીતે ~~સમજવામાં~~ જીવવામાં ઉપયોગી થાય એવાં સૂચનો કે ઉપદેશવાળાં વિધાનો કે નિરૂપણ આ વાર્તાઓમાં સ્વાભાવિક છે. જે કામ આખ્યાનોએ લોકોને ધર્મ પ્રત્યે અભિમુખ બનાવીને કર્યું છે અને મનોરંજનની સાથે સાથે સંસ્કારિતાના અમૃતનું પાન કરાવ્યું છે ~~તે~~ તે જ કામ આ વાર્તા-પરંપરાએ પણ અમુક પ્રમાણમાં કર્યું છે. જોકે બંને સ્થળે વાતાવરણમાં ઘણો ફરક છે. સમસ્યાઓ સાર કે સૂક્તિમૂલક છપ્પાઓ દ્વારા મનને અને હૃદયને સ્પર્શે, વિનોદ પૂરો પાડે અને વધુ અસરકારી બનાવે એવાં તત્ત્વો આ વાર્તાઓમાં ઘણાં છે, અને તે શામળની વાર્તાઓમાં ગણનાપાત્ર જગા રોકે છે. અર્વાચીન યુગમાં આ બધાં તત્ત્વોને લીધે વાર્તાઓ સળંગ રસાસ્વાદ કરવામાં મુશ્કેલી અનુભવાય છે. વાર્તાલેખનની કલા સંક્ષેપ અને વાસ્તવિકતાનો ઘણો આદર કરે છે અને આડકથાઓ કે વિષયાન્તર વાર્તાકલામાં ક્ષતિરૂપ ગણાય છે ત્યારે શામળની વાર્તાઓનાં આ લક્ષણ પ્રત્યે અણગમો બતાવાય તે સ્વાભાવિક છે. પણ તેના સમયનું સ્વરૂપ અને તેના સિંહુજના શ્રોતાઓની માનસિક કક્ષા, રુચિ તેમજ આવશ્યકતા અને તેમની પાસે પડેલો વિશાળ અવકાશ તેમજ જરૂરી ધીરજનો વિચાર કરીએ તો એ ક્ષતિરૂપ નહીં પણ ભૂષણરૂપ લાગવાં જોઈએ. એ કૃતિઓ જેને શામળની રીતે નીચલા થરના લોકો ગણવામાં આવે છે તેમના જીવનમાં થોડોક પણ કલ્પનાનો આનંદ ઉમેરવાનું આ કાર્ય, ગુજરાતની પ્રાચીન મધ્યકાલીન સંસ્કાર-સેવા કરનારી પરંપરાઓનો વિચાર કરતાં જરૂર મહત્ત્વપૂર્ણ લાગશે.

શામળની સેવા બીજી રીતે પણ મહત્ત્વપૂર્ણ છે. એણે આ વાર્તાઓમાં માત્ર ચાલી આવેલી પરંપરાનું જ અનુસરણ નથી કર્યું પણ પોતાના તરફથી અનેક વસ્તુઓ ઉમેરી છે. ખરું જોતાં શામળની આ કૃતિ એક કથાકોશ છે, અને તેના સમયમાં પ્રચલિત બહુસંખ્ય પૂર્વપરંપરાગત કથાઓને, વાર્તામાં વાર્તાની પદ્ધતિએ આ કૃતિમાં ગૂંથી લઈને શામળે એને વિસ્મરણની ગર્તામાં લુપ્ત થઈ જતાં અટકાવી એ એની મોટી સિદ્ધિ છે. આજે વાર્તામાં વાર્તા કે આડકથા આપણને ખટકે છે પણ ભારતમાં તો આ પદ્ધતિ ઘણી જૂની છે. આપણા પૌરાણિક સાહિત્યમાં જે આખ્યાનો અને ઉપાખ્યાનોરૂપે પ્રગટ થઈ છે તો લોકપ્રિય વાર્તા-પ્રકારમાં 'પંચતંત્ર', 'હિતોપદેશ' અને એના જેવાં બીજાં ગ્રંથોમાં એ પ્રગટ થઈ છે. ઉપરાંત ડીકેમરન જેવાએ પણ પ્રાસ્તાવિક વાર્તામાં એનો વિનિયોગ કર્યો છે.

રામચંદ્ર ગણિ પોતાની કૃતિમાં આ જ પદ્ધતિ અજમાવે છે એટલે શામળને દોષ દેવાને બદલે એણે માત્ર પરંપરાનું અનુસરણ કર્યું છે એમ કહેવું ન્યાયસંગત છે. વળી શામળે 'વેતાલપંચવિંશતિ'ને જુદી જ કૃતિ તરીકે ન રાખતાં આની ૩૨મી વાર્તા તરીકે ઉમેરી લીધી છે 'ચંદન-મલયાગિરિ', હરણ, પંચદંડ, અબોલારાણી, નાપિક, હંસ, કાવડિયો, નટ, મેના પોપટ, કાકનો ધાડો, પદ્મિનીની વાર્તા, રણથંભ ગઢના રાજાની વાર્તા, ભાભારામની એની પોતાની સ્વતંત્ર વાર્તા, પાનનાં બીડાંની વાર્તા, બ્રહ્મભાગની વાર્તા, ગુરકાની વાર્તા, માધવાનલની વાર્તા, ભગાની વાર્તા, લક્ષ્યબુદ્ધિની વાર્તા, સ્ત્રીચરિત્રની વાર્તા, ~~ભગાની વાર્તા~~, રૂપાવતીની વાર્તા, મડાપચીસી (વેતાલપચીસી) વગેરે 'સિં.બ.'ની મૂળ પરંપરામાં ન મળતી વાર્તાઓ છે. એ બતાવે છે કે શામળે આમાંની ઘણીખરી નવી વાર્તાઓ બીજા સાહિત્યમાં જોઈ કે ~~સાંભળી~~ સાંભળીને આ કથાકોશમાં એનો વિનિયોગ કર્યો હશે. વળી શામળને વાર્તાઓનું મિશ્રણ કરવાનો પણ શોખ છે, એટલે સ્વાભાવિક રીતે જ મૂળ પરંપરાની કોઈક વાર્તા શામળની નવી દેખાતી વાર્તામાં અંશ બની ગઈ હોય એમ પણ જોવા મળે છે જેમકે સમુદ્રની વાર્તા (નં.૧૩), કમળની વાર્તાની શરૂઆત (નં.૩), મલયચંદ્રની કૃતિની દેવદત્તની વાર્તા (નં.૪) શામળની ધનવંત શેઠની વાર્તા (નં.૮) અને પરંપરાગત 'સિં.બ.'ની દશ રત્નોની વાર્તા (નં.૫), શામળની હંસની વાર્તા (નં.૬) અને પરંપરાની ચંદ્રશેખરની વાર્તા (નં.૧૭) શામળની મેના-પોપટની વાર્તા (નં.૧૫) અને પરંપરાગત 'સિં.બ.'ની વાર્તા (નં.૪). આપણે રાજસ્થાની પરંપરા તેમજ ઉત્તરભારતની હિંદી પરંપરાનો અભ્યાસ જોઈ શકીએ છીએ કે ગુજરાતી પરંપરામાં ન મળતી અને છતાં ઉપર્યુક્ત પરંપરાઓમાં દેખાતી વાર્તાઓની શામળને માહિતી છે અને તેનો તેણે પોતાના સર્જનમાં સમુચિત ઉપયોગ કરી લીધો છે. એ પોતે આ બધી ભાષાઓ જાણતો હશે અને એમાં આ વાર્તાઓ એણે વાંચી હશે એમ કહેવા માટે ખાસ પ્રમાણ નથી, છતાં આ પરંપરાઓથી તે પરિચિત છે એ સ્પષ્ટ જણાય છે. શામળની વાર્તાઓનાં મૂળ કેટલીક વખત અણધારી રીતે અતિ દૂરનાં હોય છે. જેમકે 'વેતાલપચીસી'ની શરૂઆતની આખ્યાયિકા આપણને નજીકનાં સાધનોમાં જોવા મળતી નથી પણ છેક તિબેટન અને મોંગોલિયન ભાષામાં થયેલાં

'વૈતાલ પંચવિંશતિ'નો ભાષાંતરોમાં આને મળતી આખ્યાયિકા પ્રારંભમાં મળી આવે છે. (સ્વ. નવલરામ ત્રિવેદી: શામળનું વાર્તા સાહિત્ય', પૃ. ૩૭) શામળની વાર્તાસૃષ્ટિ અનેક રીતે ધ્યાન ખેંચે એવી છે. એનું વાતાવરણ પૂર્વકાલીન કથાઓને અનુસરતું હોવા છતાં કથાકાર તરીકે શામળની શક્તિઓને કારણે અપૂર્વ લાગે છે. અને એમાં પાત્રો પણ વિશિષ્ટ છે. એની પાત્રસૃષ્ટિ પૌરાણિક સાહિત્યમાંના ગૌરવશીલ પાત્રોની નથી પણ લોકકલ્પનામાં સહીઓથી એક પરદુઃખભંજક વીરપુરુષ તરીકે સ્થાન પામી ચૂકેલા રાજા વિક્રમ અને તેના સમયનાં ~~એક~~ માનવ તથા માનવેતર સત્પોથી બનેલી છે. વિક્રમ ભારતીય ~~ભાષાઓમાં જેવું~~ વાર્તાસૃષ્ટિનું અપૂર્વ પાત્ર છે. પૌરાણિક દેવોને બાદ કરતાં, ભારતીય ભાષાઓમાં જેટલું વિક્રમ વિશે લખાયું છે, જેટલી વૈવિધ્યપૂર્ણ, ચમત્કારી, પ્રશંસાયુક્ત વાર્તાઓ આ લોકહૃદયના પરમ ન્યાયી ઉદાર અને પરદુઃખભંજક રાજા વિશે લખાઈ છે અથવા પ્રચલિત બની છે તેટલી બીજા કોઈને વિશે નથી. વિક્રમ ઐતિહાસિક હતો કે નહીં એ સંશોધક અને અભ્યાસીએ વિચારવાનો પ્રશ્ન છે, સામાન્ય માનવીની વૃત્તિ તો આ વાર્તાઓનો રસ માણવાની છે. માનવમનની વીરપૂજાની વૃત્તિ સાર્વત્રિક હોય છે. અને માણસ પોતે કરવાયોગ્ય માનવા છતાં જે નથી કરી શકતો એવું કાર્ય કરી શકનાર કે એવા સદ્ગુણ આચરી બતાવનાર પ્રત્યે અહોભાવથી નમતો હોય છે. અને આ વિક્રમ પણ ~~એક~~ મનુષ્યહૃદયને એ રીતે તરત આકર્ષી લે એવું પાત્ર છે. માણસ સ્વેચ્છાએ ઘણો ઓછો ત્યાગ કરી શકે છે. ખરું જોતાં પારકાને માટે ભોગ કરવાની એને વૃત્તિ સામાન્યત: હોતી નથી ત્યારે આ વિક્રમ જીવ સટોસટનાં પરાક્રમો કરીને દુઃખીઓને મદદ કરે છે, તેમનાં દુઃખ દૂર કરે છે, જ્યાં હોય ત્યાં બત્રીસલક્ષણા તરીકે પોતાનો ભોગ આપવા તૈયાર થઈ જાય છે. વૈતાલ, રાક્ષસ અને હિંસક પ્રાણીઓ સામે બાથ ભીડે છે. અને વૈતાલ, ~~રાક્ષસ~~ અને હરસિદ્ધ માતાની સહાયથી ઇન્દ્ર સામે પણ મોરચો માંડવા તૈયાર થઈ જાય છે. બીજાં પાત્રોમાં પણ અનેક વૈવિધ્યપૂર્ણ વ્યક્તિચિત્રો મળે છે. એમાં સાહસ કરનારને, શિરચ્છેદ કરનારને અથવા તેલની ઊકળતી કઢાઈમાં પડનારને અથવા પોતાને પીડનાર રાક્ષસ કે પ્રેત જેવાં તત્ત્વોને મારનારને વરવા તૈયાર થતી સ્ત્રીઓ છે, સતીઓ છે, દુરાચારી સ્ત્રીઓ પણ છે, યોગીઓ છે, દેવો છે, યક્ષો છે, રાક્ષસો છે, વૈતાલ છે, કાગવેજુ પણ છે. અને બીજી માનવેતર સૃષ્ટિ પણ તેમાં દેખાય છે.

ચમત્કારોની પણ આ દુનિયામાં કંઈ ખોટ નથી. એટલું જ નહીં પણ ગમે તેવો ચમત્કાર અહીં શક્ય બને છે. જન્મજન્માંતરની વાતો પણ આ પાત્રોને યાદ આવે છે. સમુદ્ર પર્યટનના ઉલ્લેખો અને વર્ણનો અનેક આવે છે. સાગર ખેડનાર અને અઢળક ધન લાવનારા વણિકો આ સૃષ્ટિમાં ઘણા છે. તે ઉપરાંત એમાં પુરુષ પાત્રો કરતાં વધારે તેજસ્વી, સ્વાભિમાની, કુશળ, સમસ્યાશોખીન તેમજ પોતાનો હેતુ પાર પાડવા માટે ગમે તેવું સાહસ કરવા તૈયાર થાય તેવી સ્ત્રીઓ પણ છે. શામળની સ્ત્રી-પાત્રોની સૃષ્ટિ અત્યંત વૈવિધ્યમય અને ગુણદોષયુક્ત છે. છતાં શામળને પાત્રોએ સ્ત્રીઓની નિંદા કરવી હોય એવું માનવું જરા વધારે પડતું અને તેને અન્યાય કરનારું લાગે છે. જોકે શામળ પોતે આ બાબતમાં પોતાની માન્યતા આ પંક્તિમાં રજૂ કરે છે:—

'છે કોઈક જ એવી નારીઓ
નહીં સહુ કો સરખી' – (નંદબત્રીસી) અને શામળ એને 'નારી તું નારાયણી' તેમજ 'નારી નરકની ખાણ' – એમ બેઉ રીતે ઓળખાવે છે તે પરંપરાને તેમજ પ્રસંગાનુરૂપ વર્ણનને અનુસરીને છે એમ લાગે છે.

શામળની 'સિં.બ'માં 'સિં.બ'ની પૂર્વકાલીન પરંપરામાં નહીં એવી કેટલીક વાર્તાઓ છે એનો ઉલ્લેખ આપણે આગળ કર્યો જ છે પરંતુ એમાં પંચદંડની વાર્તા ધ્યાન ખેંચે એવી છે. એક અજ્ઞાત જૈન કવિએ સં. ૧૫૫૬માં રચેલી અને ડૉ. સાંડેસરાએ સંપાદિત કરેલી (જુઓ 'બુદ્ધિપ્રકાશ' ૧૯૩૨ ફેબ્રુઆરી અંક) 'પંચદંડ ચતુષ્પદી' આવી સ્વતંત્ર વાર્તા છે સં. ૧૫૬૦માં નરપતિએ પણ આવી જ સ્વતંત્ર વાર્તા લખી છે, અને શામળે આ જ વાર્તાને પોતાની કૃતિમાં પાંચમી પૂતળી હંસાએ કહેલી વાર્તા તરીકે ગોઠવી છે.

પંચદંડની વાર્તા, શામળની 'સિં.બ' પહેલાં બીજી કોઈ 'સિં.બ'માં મળતી નથી. ઉપર જોયું તે ઉપરાંત પંચદંડ અંગે બીજું સાહિત્ય પણ મળે છે. એક અજ્ઞાત કવિએ રચેલું પંચદંડાત્મકમ્ વિક્રમચરિત્રમ્ પંડિત હીરાલાલે છપાવ્યું છે. આ વાર્તા શામળની વાર્તા સાથે ઘણી મળતી આવે છે. ૧૭ મા શતકના આરંભમાં રાજધરે અને ૧૮ મા શતકના આરંભમાં લબ્ધરુચિએ પંચદંડની વાર્તા લખી છે. એમાં તેણે છ દેશી છંદોનો ઉપયોગ કર્યો છે એ તેની વિશેષતા છે. સં ૧૭૨૭માં લક્ષ્મીવલ્લભની

પંચદંડની વાર્તા મળે છે. આદી સંસ્કૃત ભાષામાં રચાયેલી પંચદંડ છત્ર નામની એક કૃતિ પાટણના ભંડારમાં છે. સં ૧૭૩૮માં લખાયેલી આ પ્રતમાં આ પ્રસંગ મારવાડી ભાષામાં લખાયેલો છે અને તે સામાન્ય વાર્તા કરતાં કેટલેક અંશે જુદો પડે છે. બીજી વાર્તાઓ કરતાં જુદી પડતી શરૂઆતવાળો પંચદંડ પ્રબંધ પણ સંસ્કૃતમાં રચાયેલો છે.

ચંદન મલયાગિરિની વાર્તા મડાપચીસીમાં આઠમી વાર્તા છે પણ સં. ૧૭૧૧માં ઉપાધ્યાય સુમતિહંસ અને સં. ૧૭૩૬માં સાધુ અજિતચંદ — તેને સ્વતંત્ર વાર્તાનું ગૌરવ આપે છે. વૈતાલપચીસી સ્વતંત્ર વાર્તા તરીકે ખૂબ લોકપ્રિય થઈ છે. સં ૧૬૧૯માં દેવશીલે એને સ્વતંત્ર વાર્તા તરીકે રચી છે અને હેમાનંદે એને ૧૬૪૬માં ગુજરાતી ગદ્યમાં રચી છે. એ વાર્તાનું મૂળ તો કથાસરિત્સાગરના શશીકવતી લંબકમાં મળે છે. ત્યાં આ પચ્ચીસે વાર્તાઓ વિસ્તારપૂર્વક આપેલ છે. કથાસરિત્સાગર બૃહત્કથાને આધારે રચાયો છે એટલે આ વાર્તાઓમાં મૂળ ઘણાં પ્રાચીન છે એ સ્પષ્ટ છે.

લક્ષબુદ્ધિની વાર્તા ખૂબ જૂની છે અને છેક પંચતંત્ર સુધી તેમજ પ્રચલિત લોકવાર્તાઓમાં એનાં મૂળ જોવા મળે છે. શામળે આ વાર્તાને જરાક જુદી રીતે 'સિં.બ.'માં (કથાંક - ૨૭) મૂકી છે. આ 'સિં.બ.'માં શામળે એ ઉપરાંત કેટલીક અત્યંત રસિક લોકકથાઓ અને વ્રતસાહિત્યની કથાઓ — ૨૨મી કાવડિયાની વાર્તામાં શીતળામાતાના માહાત્મ્યની વાત આવે છે, તેમજ ૩૧મી રૂપાવતીની વાર્તામાં આવતી આંબાની વાર્તા આવા પ્રકારની વાર્તાઓના નમૂના છે. તે બધાનાં મૂળની શોધ આ નિબંધના કાર્યક્ષેત્રમાં નથી, પરંતુ સંશોધન અને ~~અભ્યાસીએ~~ અભ્યાસનો એ પણ એક રસિક વિષય બની શકે એમ છે.

ચંદન મલયાગિરિની વાર્તા પણ લોકસાહિત્યમાં પ્રચલિત વાર્તાનો વિસ્તૃત અવતાર છે, તે જ પ્રમાણે માધવાનલ કામકુંડલાની વાર્તા પણ સ્વતંત્ર વાર્તા હતી અને તેને શામળે આ વાર્તાચક્રમાં સમાવી લીધી છે. શ્રીયુત ભાયાણીના 'ચંદના' માસિકના (માર્ચ, ૧૯૫૩) 'સંસ્કૃત સિંહાસન બત્રીસી' એ નામના લેખમાં આ બત્રીસ વાર્તાઓના મૂળમાં રહેલી પરંપરાનો વિચાર એમણે કર્યો છે અને કહ્યું છે કે 'સિં.બ.'ની ત્રીજી, ચોથી, આઠમી, નવમી, દશમી, સત્તરમી, ચોવીસમી, છવ્વીસમી ને ત્રીસમી — આ વાર્તાઓ અનુક્રમે

શામળમાં તેરમી (ઉત્તરાંશ આખો), બારમી (અંતમાંની આંતરકથા), નવમી (આંતરકથા ત્રીજી સાથે સાથે) પંદરમી (ઉત્તરાંશ ૨), નવમી (આંતરકથા બીજી) બત્રીસમી (પૂર્વપીઠિકા પહેલો અંશ), બાવીસમી (પૂર્વાંશ) અને બત્રીસમી (પૂર્વપીઠિકા ચોથો અંશ) એ વાર્તાઓમાં વત્તે ઓછે અંશે ઉતરી આવી છે. વળી કથાસરિત્સાગરમાં આવતી વેતાલપંચવિંશતિની વાર્તાઓ સાથે તુલના કરી શકાય એવી બારેક વાર્તાઓનો ઉલ્લેખ પણ શ્રીયુત ગાંધાણીએ એમના એ લેખમાં કર્યો છે. મૂળની ૨, ૭, ૫, ૮, ૯, ૧૧, ૧૫, ૧૬, ૨૧, ૨૨, ૨૪ અને ૨૫ની સામગ્રી અનુક્રમે ૧૧, ૩, ૫, ૧૯, ૨૩, ૧૭, ૧૬, ૧૫, ૧૨ (અત્યાંશ), ૨ (પૂર્વાંશ), ૨૫ અને અંતમાં મળે છે. પણ શામળે મૂળ વૈતાલપચીસીની કેટલીક વાર્તાઓ પોતાની 'સિં. બ.'ની વાર્તાઓમાં સ્વતંત્ર વાર્તાઓ તરીકે ગોઠવી લીધી છે. છઠ્ઠી વાર્તા એટલે વૈતાલ-પચીસીની ૭ મી વાર્તા. અજોતા રાણીની બીજી આંતરકથા મૂળ વૈતાલપચીસીની છઠ્ઠી વાર્તા ને ત્રીજી આંતરકથા મૂળની બીજી વાર્તા છે. 'સિં, બ.'ની ૧૧ મી વાર્તાનો આરંભમાં બીજ મૂળની વૈતાલપચીસીની ૧૪ મી વાર્તામાં અને તેની આંતરકથા મૂળ વૈતાલપચીસીની ૧૦મી વાર્તામાં છે. નૌકાની વાર્તા મૂળની ૧૨મી વાર્તા ઉપરથી ઉતરી આવી છે. ૧૫મીની બીજી આંતરકથા મૂળની ત્રીજી વાર્તા પરથી છે. ભારથરીની વાર્તાની બીજી આડકથા વૈતાલપચીસીની ૧૯મી વાર્તા છે. આવાં થોડાંક ઉદાહરણ જુદી જુદી સરણીની વાર્તાઓને સુમિશ્રિત કરવાની શામળની પદ્ધતિનો ખ્યાલ આપે છે. પરિણામ એ આવ્યું છે કે શામળની કૃતિ બીજી બધી જ કૃતિઓની તુલનામાં શ્રેષ્ઠ વિશાળકાય કથાકોશ બની ગઈ છે.